# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-07-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Monday** **National News**

### આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

*****************************************************

- ✓ સંસદના બંને ગૃહોમાં રાષ્ટ્રપતિના અભિભાષણ ચર્ચા દરમિયાન વિપક્ષે નીટ પેપરમાં કથિત ગેરરીતિનો મુદ્દો ઉઠાવ્યો.
- ✓ દેશભરમાં આજથી ત્રણ નવા ફોજદારી કાયદાનો અમલ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું નવા કાયદા સૌથી આધુનિક ન્યાય વ્યવસ્થાનું નેતૃત્વ કરશે.
- ✓ બદનક્ષીના કેસમાં દિલ્હીની એક અદાલતે સામાજિક કાર્યકર મેધા પાટકરને પાંચ મહિનાની કેદની સજા સંભળાવી..
- ✓ ગુજરાત સહિત દેશના અનેક ભાગોમાં ચોમાસું જામ્યું, આગામી ત્રણથી ચાર દિવસમાં અનેક વિસ્તારમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી..
- ✓ અને ચેન્નઈમાં રમાયેલી ટેસ્ટ મેચમાં ભારતીય મહિલા ટીમે દક્ષિણ આફ્રિકાને 10 વિકેટે હરાવ્યું..

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SANSAD TODAY

સંસદના બંને ગૃહોમાં રાષ્ટ્રપતિ અભિભાષણ પર આભાર પ્રસ્તાવ અંગે ચર્ચા થઈ હતી. ભારતીય જનતા પક્ષના સાંસદ અનુરાગ ઠાકુરે ચર્ચામાં ભાગ લેતા પાછલા દસ વર્ષોની સરકારની સિદ્ધિઓના વખાણ કર્યા. શ્રી ઠાકુરે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા, તેમજ લોકોના કલ્યાણ અર્થે અનેક પગલાં લીધા છે.. તેમણે કહ્યું કે 25 કરોડ લોકોને ગરીબીમાંથી ઉગારવામાં આવ્યા, તેમજ ૪0 કરોડ લોકોને મફત અનાજ આપવામાં આવ્યું.

ભાજપના સાંસદ બાંસૂરી સ્વરાજે કહ્યું કે ખેડૂતોનું કલ્યાણ અને મહિલા સશક્તિકરણ સરકારની પ્રાથમિકતા છે. તેમણે કહ્યું કે,પ્રધાનમંત્રી કિસાન સમ્માનનિધિ યોજના અંતર્ગત અત્યાર સુધી ખેડૂતોને ત્રણ લાખ કરોડથી વધારેની સહાય વિતરણ કરાઈ છે.

આ પૂર્વે ગૃહની કાર્યવાહી શરૂ થતા વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ નીટ પરીક્ષામાં કથિત ગેરરીતિનો મુદ્દો ઉઠાવ્યો હતો. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે કહ્યું કે સંસદની કાર્યવાહી નિયમો અને પરંપરા આધારિત હોય છે. તેમણે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ દરમિયાન અન્ય ચર્ચા ન કરવા વિપક્ષને કહ્યું હતું. જે બાદ વિપક્ષી સાંસદોએ નીટ મુદ્દે ગૃહમાંથી વૉકઆઉટ કર્યું હતું.

રાજ્યસભામાં બોલતા કૉંગ્રેસના નેતા મલ્લિકર્જન ખડગેએ કહ્યું કે રાષ્ટ્રપતિના અભિભાષણમાં ગરીબ, દલિત અને અલ્પસંખ્યકો માટે કંઈ

જ ન હતું. તેમણે પેપર લીક, રેલવે દુર્ઘટના, જમ્મુ કાશ્મીરમાં આંતકી હુમલા સહિતના મુદ્દાઓ ઉઠાવ્યા હતા. આ પૂર્વે બંને ગૃહોએ ટી20 વિશ્વકપ જીત બદલ ટીમ ઇન્ડિયાને શુભેચ્છા પાઠવી હતી.

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ચર્ચામાં ભાગ લેતા નીટ પરીક્ષામાં ગેરરીતિ, અગ્નિવીર યોજના, મણીપુરમાં અશાંતિ, વધતી મોંઘવારી અને ખેડૂતો સહિતના મુદ્દા ઉઠાવ્યા. દરમિયાન રાહુલ ગાંધીએ હિન્દુ સમુદાય વિશે કરેલા નિવેદન સામે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે વિરોધ નોંધાવ્યો હતો.

પ્રધાનમંત્રીએ કહ્યું કે સમગ્ર હિન્દુ સમુદાયને હિંસક કહેવું ગંભીર છે. ગૃહમંત્રીએ વાંધાનજક નિવેદન બદલ રાહુલ ગાંધીએ માફી માગવી જોઈએ એમ કહ્યું હતું. હોબાળો થતા લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ સાંસદોને મર્યાદા જાળવવા માટે ટકોર કરી હતી.

# AMIT SHAH

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે, આજથી અમલી બનેલા ત્રણ ફોજદારી કાયદા દેશની સૌથી આધુનિક ન્યાય વ્યવસ્થાનું નેતૃત્વ કરશે.**

**તેમણે કહ્યું કે, ફોજદારી ન્યાય વ્યવસ્થા પૂર્ણ રીતે સ્વદેશી છે. કેન્દ્રીય મંત્રીએ દિલ્હીમાં ત્રણ નવા ફોજદારી કાયદા વિશે માહિતી આપી હતી. શ્રી શાહે જણાવ્યું કે નવા કાયદા ત્વરિત ન્યાય અને પીડિતોના અધિકારોને સુનિશ્ચિત કરશે. વધુમાં તેમણે ઉમેર્યું કે આ પૂર્વે માત્ર**

પોલીસના અધિકારોની રક્ષા થતી હતી. જો કે હવે પીડિત અને ફરિયાદીના અધિકારોનું પણ રક્ષણ થશે.

## (બાઇટ- કેન્દ્રીય મંત્રી, અમિત શાહ)

ગૃહમંત્રીએ વિપક્ષ સામે નિશાન સાધતા કહ્યું કે વિપક્ષ આ કાયદાઓ વિશે ભ્રામક માહિતી ફેલાવી રહ્યું છે.

# DIGITAL INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડિજીટલ ઇન્ડિયા ઝુંબેશના સફળતાપૂર્વક નવ વર્ષ પૂર્ણ થતા સરહાના કરી હતી. સેશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે, ડિજીટલ ઇન્ડિયા સશક્ત ભારતનું પ્રતિક બન્યુ છે, જે રોજિંદા  જીવનમાં સરળતા અને પારદર્શકતાને પ્રોત્સાહન આપે છે.

ઉલ્લેખનીય છે કે ડિજીટલ ઇન્ડિયા ઝુંબેશ દ્વારા 11 કરોડ ખેડૂતોના ખાતામાં સીધા રૂપિયા ટ્રાન્સફર થાય છે. આ આંકડો કેનેડા અને ફ્રાન્સની વસતી કરતા વધારે છે. એકસો, 37 કરોડથી વધુ આધાર નંબર તૈયાર કરાયા છે, જે દરેક ભારતીયની વિશેષ ઓળખ અને લાખો લોકોની ડિજીટલ ઓળખને સશક્ત બનાવે છે. ડિજીલૉકર દ્વારા છસ્સો, 74 કરોડથી વધારે દસ્તાવેજ જાહેર કરાયા છે. ભારતનેટે છ લાખ કિલોટમીરથી વધારેનું ઑપ્ટિકલ ફાઇબર નેટવર્ક બિછાવ્યું છે. યૂપીઆઈ દ્વારા પાચસો, 35 કરોડથી વધારેના ટ્રાન્ઝેક્શન થયા. 34 કરોડથી વધારે આયુષ્યમાન કાર્ડ બન્યા, જ્યારે 9 કરોડથી વધારે ફાસ્ટટેગ જાહેર કરાયા.

# MEGHA PATKAR

દિલ્હીની એક અદાલતે સામાજિક કાર્યકર મેધા પાટકરને બદનક્ષીના એક કેસમાં પાંચ મહિનાની કેદની સજા સંભળાવી છે. દિલ્હીના વર્તમાન ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેનાએ દાખલ કરેલા બે દાયકા જૂના કેસમાં આ સજા સંભળાવી છે. દિલ્હીના સાકેત મેટ્રોપૉલિટન મેજિસ્ટ્રેટ રાઘવ શર્માએ 25 મેના રોજ મેધા પટકરને આ કેસમાં દોષિત ઠેરવ્યા હતા.

શ્રી સક્સેનાએ 2001માં એક અખબારી યાદી દ્વારા તેમને બદનામ કરવા માટે પાટકર સામે કેસ દાખલ કર્યો હતો. એ સમયે શ્રી સક્સેના એક સ્વંય સેવી સંસ્થાના અધ્યક્ષ હતા. તેમણે આ મામલે અમદાવાદની અદાલતમાં અપીલ કરી હતી. સર્વોચ્ચ અદાલતના આદેશ બાદ 2002માં આ કેસ દિલ્હીની સાકેત અદાલતમાં સ્થળાંતર કરાયો હતો. અદાલતે ચુકાદો આપતા સ્વીકાર્યું કે કે પાટકરના કેટલાક કાર્યો ઇરાદાપૂર્વકના અને દ્વેષ પૂર્ણ હતા.

# NEET MAHARASHTRA

કેન્દ્રીય તપાસ સંસ્થા– સીબીઆઈની એક ટીમ નેટ યૂજી કથિત પેપર ગેરરીતિ મામલે તપાસ માટે મહારાષ્ટ્રના લાતુરમાં પહોંચી છે. લાતૂર અદાલતે આજે સીબીઆઈની અપીલ પર કેસોની તપાસ સ્થાનિક પોલીસ પાસેથી લઈને સીબીઆઈને સોંપી છે.. ઉલ્લેખનીય છે કે લાતુરમાં પેપર લીક મામલે સ્થાનિક પોલીસે બે લોકોની ધરપકડ કરી હતી..

# INDIA PAK

ભારત અને પાકિસ્તાને આજે નાગરિક કેદીઓ અને માછીમારોના નામોની યાદીની આપ-લે કરી. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે ભારતે પાકિસ્તાનને 366 નાગરિક કેદીઓ તેમજ 86 માછીમારોના નામ આપ્યા છે. જ્યારે પાકિસ્તાને ભારતને 43 નાગરિક કેદીઓ અને 211 માછીમારોના નામ સોંપ્યા છે.

વર્ષ 2008માં દ્વીપક્ષીય સમજૂતી અંતર્ગત બંને દેશો પહેલી જાન્યુઆરી અને પહેલી જુલાઈએ આ યાદીની આપ-લે કરે છે. ભારતે પાકિસ્તાની જેલમાં રહેલા નાગરિકો અને માછીમારો તેમજ તેમની બોટને ઝડપથી મુક્ત કરવા પાકિસ્તાનને અપીલ કરી છે.

# ARMY CHIEF

જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આજે સૈન્ય વડા તરીકેનો પદભાર સંભાળ્યો છે. **તેમણે** દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી અને શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

પત્રકારોને સંબોધતા જનરલ દ્વિવેદીએ કહ્યું કે, ભારતીય સેનાનું નેતૃત્વ કરવાની તક મળતા તેઓ ગર્વ અને સન્માનની લાગણી અનુભવે છે. તેમણે સેનાના આધુનિકરણ માટે આહ્વાન કર્યું છે. જનરલ દ્વિવેદીએ નાગરિકોને આશ્વાસન આપ્યું કે ભારતીય સેના તમામ પડકારોનો સામનો કરવા માટે તૈયાર અને સક્ષમ છે.

# IMD MONSOON

નૈઋત્ય ચોમાસું રાજસ્થાન, હરિયાણા, પંજાબ તેમજ ચંદીગઢના કેટલાક ભાગોમાં આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગે કહ્યું કે આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન રાજસ્થાન, હરિયાણા અને પંજાબના બાકીના ભાગોમાં ચોમાસું આગળ વધવાની અનુકૂળ સ્થિતિ બનેલી છે. આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ, પૂર્વ અને પૂર્વોત્તર ભારતમાં ચોમાસું સક્રીય થઈ શકે છે.

ગત 24 કલાકમાં ગુજરાતના વિવિધ ભાગો ઉપરાંત હરિયાણા, તામિલનાડુ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ત્રિપુરા અને અસમમાં જુદા જુદા સ્થાનો પર મૂશળધાર વરસાદ થયો હતો. રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, છત્તીસગઢ, કોંકણ, ગોવા, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, બિહાર, કેરળ, કર્ણાટક તેમજ અરૂણાચલ પ્રદેશમાં પણ વરસાદ વરસ્યો હતો.

# WOMEN CRICKET

ચેન્નઈમાં રમાઈ રહેલી ટેસ્ટ શ્રેણીની મેચમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમે દક્ષિણ આફ્રિકાની ટીમને 10 વિકેટથી હરાવી છે. ભારતીય મહિલા ટીમે પ્રથમ દાવમાં 603 રન બનાવ્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમ પ્રથમ દાવમાં 266 રન બનાવીને ઑલઆઉટ થઈ હતી, અને તેને ફૉલોઓન રમવાની ફરજ પડી. બીજા દાવમાં પણ દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમ માત્ર 36 રનની લીડ઼ લઈને 373 રન બનાવી શકી. જવાબમાં ભારતીય ટીમે બીજા દાવમાં વિકેટ ગુમાવ્યા વિના 37 રનનો લક્ષ્યાંક સરળતાથી હાંસલ કરી લીધો હતો.